**<u>મેટ્રોપોલિટન પોલીસ સેવા વિશે</u>**

સર રોબર્ટ પીલ દ્વારા 1829 માં સ્થપાયેલી મેટ્રોપોલિટન પોલીસ સર્વિસ (એમ.પી.એસ) ગ્રેટરા લંડનમાં કાયદાની અમલ બજાવણી માટે જવાબદાર પોલીસ પ્રાદેશિક પોલીસદળ છે. આમાં સિટી ઓફ લંડનનો સમાવેશ થતો નથી, જેના માટે સિટી ઓફ લંડન પેલીસ જવાબદાર છે.

યુનાઈટેડ કિંગડમના આ મોટામાં મોટા પોલીસદળ મેટ્રોપોલિટન પેલીસ સર્વિસ માં 51000 કરતાં વધારે ઓફિસરો અને કર્મચારીઓ કામ કરે છે. તે 620 ચોરસમાઈલના વિસ્તારમાં પથરાયેલી લંડનની 32 કરતાં વધારે બરોઝને આવરી લે છે અને 7.2 મિલિયન કરતાં વધારે વસ્તીને પોતાની સેવા પૂરી પાડે છે.

મેટ્રોપોલિટન પેલીસ સર્વિસની દોરવણી કમિશ્નર ઓફ પોલીસ ઓફ ધ મેટ્રોપોલીસ દ્વારા કરવામા આવે છે, જેમને સામાન્ય રીતે કમિશ્નર તરીકે ઓળખવામાં આવે છે.મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી માટેની જવાબદારી કમિશ્નર પર રહેલી છે.હાલના કમિશ્નર “બર્નાડ હોગનહોવ”છે.

મેટ્રોપોલિટન પેલીસ સર્વિસના મુખ્ય મથકોને લંડનમાં વેસ્ટમિનિસ્ટરમાં ન્યુસ્કોટલેન્ડયાર્ડમાં ખસેડવામાં આવ્યા પછી તે સામાન્ય રીતે સ્કોટલેન્ડયાર્ડ તરીકે પણ ઓળખાય છે.

**<u>પોલીસનો સંપર્ક કરવો</u>**

**<u>ઈમર્જન્સીની પરિસ્થિતિઓ</u>**

ઈમર્જન્સી-કટોકટીની પરિસ્થિતિમાં તમારે 999 ઉપર ફોન કરવો જોઇએ તમને જયારે તાત્કાલિક પ્રતિસાદની જરુર હોય ત્યારે પોલીસનો સંપર્ક કરવા માટે તમારે આ સેવાનો ઉપયોગ કરવો જોઇએ જેમકે તેજ પળે કોઇ ગુન્હો થઇ રહ્યો હોય અથવા કોઇના ઉપર તાત્કાલિક ખતરો હોય.

999 કોલની સિસ્ટમમાં પોલીસ ઉપરાંત ફાયરબ્રિગેડ અને એમ્બ્યલન્સ માટેના કોલ્સ પણ લેવા માં આવે છે. આથી તમે પહેલીવાર જયારે આ નંબર પર વાત કરો ત્યારે તમને કઇ સેવાની જરુર છે તે અત્યંત સ્પસ્ટ પણે જણાવવું જોઇએ. અને બીજું તમે કઇ ભાષા બોલો છો તે તેમને કહેવું જોઇએ. ઇમર્જન્સી સેવાઓ લેંગ્વેજ લાઇન મારફતે 170 ભાષાઓમાં દુભાષિયાઓ પૂરા પાડે છે.

**<u>ઇમરર્જન્સી ન હોય ત્યારે</u>**

જો તમારે પોલીસનો સંપર્ક કરવાની જરુર પડે પણ તે કોઇ ઇમર્જન્સીકટોકટીની પરિસ્થિતિ ન હોય તો તમારે નીચેના માંથી કોઇ એક બાબત કરવી જોઇએ.

- 24કલાકના બિન- ઇમર્જન્સી નંબર 101 ઉપર ફોન કરો.
- તમારા સ્થાનિક પોલીસસ્ટેશનનો સંપર્ક કરો.

બિન- ઇમર્જન્સીની પરિસ્થિતિઓમાં તમારે સામાન્યરીતે જે વિસ્તારમાં ગુન્હો બન્યો હોય ત્યાંના સ્થાનિક પાલીસદળનો સંપર્ક કરવો જોઇએ. ફોન દ્વારા અથવા નજીકના જે પોલીસસ્ટેશનમાં જાહેર જનતા માટે આગળની ઓફિસ ખુલ્લી રાખવામાં આવતી હોય ત્યાં જઇને

તમારા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાટેની વિગતો જાણવા માટે અહીં કિલક કરો.

**સામાન્ય પૂછપરછો**

અમને સામાન્ય પૂછપરછ મોકલવા માટે, કૃપા કરીને આ સરનામે લખો.

General Enquiries.
Metropolitan Police Services
New Scotland Yard
Broadway
London
SW1H 0BG
020 7230 1212 (24 કલાક સ્વિચબોર્ડ)

## ક્રાઈમસ્ટોપર્સ

ક્રાઈમસ્ટોપર્સ સમગ્ર યુકેમાં વ્યાપ્ત એક સ્વતંત્ર ચેરિટી (ધર્માદા સંસ્થા) છે, જે ગુના રોકવા માટે કામ કરે છે. જો તમારી પાસે કોઈ ગુના વિશે માહિતી હોય જે તમે ખાનગીમાં અને તમારું નામ ગુપ્ત રાખીને જણાવવા માગતાં હો, તો 0800 555 111 પર મફત ફોન કરો.

## આતંકવાદ વિશે જાણ કરો

જો તમારી પાસે કોઈ સંભવિત આતંકવાદી પ્રવૃત્તિઓ વિશે માહિતી હોય તો એન્ટી-ટેરરિસ્ટ હોટલાઈનને ખાનગીમાં 0800 789 321 પર ફોન કરો.

સંભવિત બોમ્બ ધડાકા અથવા અન્ય તત્કાલિન ખતરા વિશે ચેતવણીઓ આપવા માટે 999 પર ફોન કરો.

**ફરિયાદ કરવા માટે**

જયારે પોલીસ ઓફિસર અથવા એમ.પી. એસ.સ્ટાફના કોઇપણ સભ્ય તમારી અપેક્ષા કરતાં ઉતરતી કક્ષાની સેવા પૂરી પાડતા હોય ત્યારે તેમની વર્તુણક માટે ફરિયાદ કરી શકો છો.

તેમની સામે ફરિયાદ કરવા માટે નીચે પૈકી કોઇપણ રીતનો ઉપયોગ કરી શકાય છે.

- તમારા સ્થાનિક પોલીસસ્ટેશનનો સમ્પર્ક કરવો
- ઓનલાઇન ફરિયાદ કરવા માટે વેબસાઇટ https://secure.met.police.uk/complaints/ નો ઉપયોગ કરવો.

<u>સંપર્ક સાધવા માટે :</u>

DPS Customer Service Team,
22nd Floor, Empress State Building,
Lillie Road,
London,
SW1 TR
Telephone 020 8785 8666